# FORM -A

<table>
<tr><td colspan="2">IN THE COURT OF<br><br>The Hon'ble 4th Additional District & Session Judge Ahmedabad (Rural) Navrangpura, Ahmedabad.<br><br>Date of The judgement: 20/06/2025<br><br>Sessions Case No.152/2022<br><br>Details of F.I.R /Crime and Police Station.<br>સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૭/૨૦૧૯, તા:૧૮/૦૫/૨૦૧૯<br><br>ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ-૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ-૧૧(૧)(એચ)(આઈ) મુજબ.</td></tr>
<tr><td>Complainant</td><td>સ્ટેટ ઓફ ગુજરાત.</td></tr>
<tr><td>REPRESENTED BY</td><td>વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પટેલ</td></tr>
<tr><td>ACCUSED</td><td>સુરાભાઈ ગગાભાઈ ભરવાડ,<br>ઉ.વ.૫૨, ધંધો. પશુપાલન,<br>રહે. મ.નં.૪૪, અંબિકાનગર, સત્યમ રેસીડન્સીની બાજુમાં, ન્યુ રાણિપ, સાબરમતી, અમદાવાદ શહેર.</td></tr>
<tr><td>REPRESENTED BY</td><td>આરોપી તરફે વિ.વ. શ્રી એ.બી.ભટ્ટ.</td></tr>
</table>

# FORM -B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા: ૧૫/૦૫/૨૦૧૯ ના કલાક ૧૭:૩૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા: ૧૮/૦૫/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | તા: ૧૬/૦૪/૨૦૨૧ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા: ૨૩/૦૧/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા: ૨૩/૦૭/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા: ૦૪/૦૬/૨૦૨૫ |
| ચુકાદો આપ્યાની તારીખ | તા: ૨૦ /૦૬/૨૦૨૫ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | -- |

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરાભાઈ ગગાભાઈ ભરવાડ, ઉ.વ.૫૨, ધંધો. પશુપાલન, રહે. મ.નં.૪૪, અંબિકા નગર, સત્યમ રેસીડન્સીની બાજુમાં, ન્યુ રાણિપ, સાબરમતી, અમદાવાદ શહેર. | તા.૧૮/૦૫/૨૦૧૯ કલાક ૧૫:૩૦ | તા.૨૦–૦૫–૨૦૧૯ નાં રોજ સાબરમતી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૭/૨૦૧૯ નાં કામે થયેલ હુકમ મુજબ | આઈ.પી.સી. કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી. એકટ કલમ–૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એચ)(આઈ). | Acquitted | NA | NA |

## FORM-C

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

## A. Prosecution.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|
| PW1 | અરવિંદકુમાર માનાભાઈ રાજપાલ, આંક: ૨૩ | ફરિયાદી (આંક–૨૪) ફરિયાદ લેનાર અ.હેડ કોન્સ. |
| PW2 | ભૂપેન્દ્રકુમાર જલુભાઈ રાઠવા, આંક: ૨૮ | એસ.એસ.આઈ., ઢોર ત્રાસ અંકુશ વિભાગ, સેન્ટ્રલ સ્ટોર્સ કંપાઉન્ડ, જમાલપુર, અમદાવાદ. |
| PW3 | કિન્નાબેન રત્નાભાઈ સુતરીયા, આંક: ૩૨ | (આંક–૩૩) ત.ક.અધિ. તથા ચાર્જશીટ કરનાર (પો.સબ ઈન્સ.) |

## B. Defence Witnesses , if any: None.

## C. Court Witnesses If any : None.

## MUDDAMAL LIST

## D. Material Objects.

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| | | |

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.

**A. Prosecution.**

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit 24/PW 1 | ફરિયાદ |
| 2. | Exhibit 25 & 26/PW 1 | મ્યુનિસિપલ તરફથી મળેલ કાચી ચિહ્નિ |
| 3. | Exihibit 33/PW 3 | સૂચિપત્ર |
| 4. | Exihibit 34/PW 3 | આરોપી તરફેણમાં ઈસ્યુ કરેલ પ્રમાણપત્ર |

**B. Defence. : None.**

**C. Court Exihibits. : None.**

**D. Material Objects. : None.**

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૧ | | |
| રજિસ્ટર તારીખ | ૧૬/૦૪/૨૦૨૧ | | |
| ફૈંસલ તારીખ | ૨૦/૦૬/૨૦૨૫ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૪ | ૦૨ | ૦૪ |

**આંક:**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

વિરુદ્ધ

**<u>તહોમતદાર</u> :–** સુરાભાઈ ગગાભાઈ ભરવાડ,
ઉ.વ.૫૨, ધંધો. પશુપાલન,
રહે. મ.નં.૪૪, અંબિકાનગર,
સત્યમ રેસીડન્સીની બાજુમાં,
ન્યુ રાણિપ, સાબરમતી,
અમદાવાદ શહેર.

---

**ગુન્હો:–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ–૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એચ)(આઈ) મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે : વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.બી. પટેલ.
આરોપી તરફે : વિધ્વાન વ. શ્રી એ.બી.ભટ્ટ.

---

**:: જજમેન્ટ ::**

**(૧.૦)** ફરીયાદ પક્ષની ટૂંકમાં વિગત એવી છે કે,

આરોપીનાંએ ગઈ તા.૧૫–૦૫–૨૦૧૯ ના કલાક ૦૫/૩૦ વાગે ન્યુ રાણીપ, આશ્રય પ્લેટીનાની, સાત્ય એવન્યુની સામે, સાબરમતી રોડ ઉપર જાહેરમાં પોતાના કબજાની ૦૨ ભેંસ, ૦૧ પાડી, ૦૧ ધાવતી વાછરડી જાહેર રોડ ઉપર રખડતા ભટકતા છુટા મુકી આવતા જતા વાહન ચાલકો તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે છુટા મુકી મ્યુનિસિપલ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરશ્રી નાઓના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ–૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એચ)(આઈ) મુજબનો ગુન્હો કરેલ છે.

**(૨.૦)** સદરહુ કામની ફરીયાદ ફરીયાદીએ આપતાં તે બાબતે સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૭/૨૦૧૯ થી ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ, તપાસ કરનાર અધિકારી ધ્વારા આ ગુન્હાની તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ –૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એચ)(આઈ) મુજબનો ગુન્હો બનવા પામતો હોઈ, આરોપીને અટક કરી તેઓની

વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા ત.ક.અ.શ્રીએ આ કામનું ચાર્જશીટ હકુમત ધરાવતી મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરેલ. જેને ક્રિમીનલ કેસ નં.૧૦૭૯૨/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ત્યારબાદ વિ.મેજીસ્ટ્રેટ કોર્ટને આરોપી સામેના ગુન્હાનો પ્રકાર જોતા આરોપી સામેની ટ્રાયલ ચલાવવાની હકુમત ન હોઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ નું પાલન કર્યા બાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ આ કેસ સેશન્સ કોર્ટને કમીટ કરતો આદેશ કરી અમદાવાદના મહેરબાન જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટને મોકલી આપેલ. ત્યારબાદ આ કેસને સેશન્સ કેસ નંબર – ૧૫૨/૨૦૨૨ થી રજીસ્ટરે લીધા બાદ નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધીશ ધ્વારા આ કોર્ટને આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે મોકલી આપેલ છે.

**(૩.૦)** સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ રૂબરૂ કમીટ થઈને આવતાં આરોપીને સમન્સના આધારે બોલાવવામાં આવેલ. આરોપી જાતે તથા વકીલ મારફતે હાજર થતાં તેને ચાર્જશીટની નકલો મળી ગયા બાબતની ખાતરી કર્યા બાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વકીલશ્રીને સાંભળ્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૨૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ–૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧ (૧)(એચ)(આઈ) મુજબના ગુન્હાનું તહોમતનામું પુરોગામી સેશન્સ જજશ્રી ધ્વારા ફરમાવવામાં આવેલ અને તે તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવ્યા બાદ, તે તહોમતનામા બાબતે આંક–૨૧ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા તેની સામેના આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪.૦) સદર કેસમાં ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવામાં ત્રણ પોલીસ સાક્ષીઓ તપાસવામાં આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામાં ઉપર જણાવ્યા મુજબ પાંચ દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે વિ.એ.પી.પી.શ્રી તરફે આંક-૩૫ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

(૫.૦) આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ આ કામના આરોપીનો રેકર્ડ ઉપર આવેલ પુરાવા અન્વયે ક્રિ.પ્રો.કો.કલમ-૩૧૩ અન્વયે વધારાનો જવાબ નોંધવામા આવતા, આરોપીએ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, સદર ગુનામાં તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓ નિર્દોષ બેગુનાહ છે. વધુમાં તેઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાક્ષી તપાસવા નથી, તેવું જણાવેલ છે. ત્યારબાદ આ કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

(૬.૦) આ કામે ફરીયાદ પક્ષ તરફે પી.પી.શ્રી એસ.બી. પટેલને તથા આરોપી તરફે તેઓના વકીલ શ્રી એ.બી.ભટ્ટને સાંભળવામાં આવેલ છે.

(૭.૦) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.પટેલ ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી સદર બનાવમાં જાહેરમાં આ કામના આરોપીએ પોતાના કબજાની ૦૨ ભેંસ, ૦૧ પાડી, ૦૧ ધાવતી વાછરડી જાહેર રોડ ઉપર રખડતા ભટકતા છુટા મુકી આવતા જતા વાહન ચાલકો તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે છુટા મુકી મ્યુનિસિપલ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરશ્રી નાઓના જાહેરનામાનો ભંગ કરેલાનું સાબિત થાય છે. વધુમાં, રજુઆત કરેલ છે કે આ કામે તપાસવામાં આવેલ ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. આમ, ફરીયાદપક્ષ રેકર્ડ પરના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે આ

કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં સફળ થયેલ છે, આરોપી સામેનો કેસ પુરવાર માની આરોપીને તકસીરવાન ઠરાવી સખત સજા કરવા વિ.એ.પી.પી. શ્રી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે.

(૮.૦) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ.બી.ભટ્ટ ધ્વારા રેકર્ડ આધારે રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદી પાસેથી તપાસના કામે પોલીસ ધ્વારા આરોપીની નિયમ મુજબ કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. તે સંજોગોમાં આ કામના આરોપીએ જાહેરમાં પોતાના કબજાની ૦૨ ભેંસ, ૦૧ પાડી, ૦૧ ધાવતી વાછરડી જાહેર રોડ ઉપર રખડતા ભટકતા છુટા મુકી આવતા જતા વાહન ચાલકો તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે છુટા મુકી મ્યુનિસિપલ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરશ્રી નાઓના જાહેરનામાનો ભંગ કરેલ હોય તે હકીકત ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી. વધુમાં સદર બનાવ અંગે ફરિયાદ પક્ષે સ્વતંત્ર કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં માત્ર તપાસ કરનાર અધિકારીની જુબાની આધારે આ કામના આરોપીને આક્ષેપિત ગુના અંગે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ−૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ−૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ−૧૧(૧)(એચ)(આઈ) મુજબના ગુન્હાના તત્વો શંકાથી પર સાબિત કરી, આરોપી સામે ઘડવામાં આવેલ તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

(૯.૦) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીનાંએ ગઈ તા.૧૫ –૦૫–૨૦૧૯ ના કલાક ૦૫/૩૦ વાગે ન્યુ રાણીપ, આશ્રય પ્લેટીનાની, સાત્ય એવન્યુની સામે, સાબરમતી રોડ ઉપર જાહેરમાં પોતાના કબજાની ૦૨ ભેંસ, ૦૧ પાડી, ૦૧ ધાવતી વાછરડી જાહેર રોડ ઉપર રખડતા ભટકતા છુટા મુકી આવતા જતા વાહન ચાલકો તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે છુટા મુકી મ્યુનિસિપલ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરશ્રી નાઓના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ–૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એચ)(આઈ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૯.૧)** ઉપરોકત મુદાઓના નિર્ણયો, તે અંગે નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**(૧૦.૦) મુદ્દા નં. ૧ :–**

**(૧૦.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ

છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા જોઈએ. વધુમાં, રજુ થયેલ પુરાવા દરમ્યાન જો કોઈપણ શંકાસ્પદ હકીકત ઉદ્‌ભવે તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે.

**(૧૦.૨)** ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, આરોપી સામે આક્ષેપિત ગુનાના તત્વો ધ્યાને લઈ, ફરીયાદ પક્ષના કેસ અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૨૩ થી આ કામના ફરિયાદી અ.હે.કોન્સ. અરવિંદકુમાર માનાભાઈ રાજપાલને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૧૯ માં પોલીસ ઈન્વેક, સ્કોડમાં કલાક ૧૨.૦૦ સુધી હાજર હતા તે દરમ્યાન ૧૨.૩૦ વાગે એક ઈસમ આવેલા અને તેઓના ચોપગા પશુ મ્યુનિસિપાલ ઢોર અંકુશ ન્યુ રાણીપ, આશ્રય પ્લેટીનાની સાત્ય એવન્યુની સામે સાબરમતી ઉપરથી પકડી લઈ તેઓનું પોતાનું નામ પુછતાં સુરાભાઈ ગગાભાઈ ભરવાડ જણાવેલ તેઓ રહેવાસી ન્યુ રાણીપ, અમદાવાદ મ્યુનિસિપાલ કો. એક કાચી ચિઠ્ઠી વર્ધી બુક નં.૧૪૪ /૧૩ તા.૧૭–૦૫–૨૦૧૯ રજૂ કરી જેમાં બે ભેંસ, એક પાડી અને ધાવતી વાછડી લઈ ગયેલ અને ન્યુ રાણીપ આશ્રય પ્લેટીનાની સાત્ય એવન્યુની સામે, સાબરમતી ઉપરથી જાહેરમાં રખડતા ભટકતા મળી આવેલ કબજે લીધેલ છે અને માલિકે ઘાસચારો તથા પાણીની વ્યવસ્થા નહિં કરેલ તથા આ પશુઓને મ્યુનિસિપાલની હદમાં વાહનોની અવર–જવર હોય ત્યાં છુટા મુકી લોકીની જીંદગી જોખમાય તે રીતે જાહેર રોડ ઉપર વાહન ચાલકો તથા રાહદારીઓને આ પશુઓ અડફેટમાં લઈ ગંભીર ઈજા તેમજ મોત નિપજાવી શકે તેવી જાણકારી હોવા છતાં પશુઓને રડખતાં ભટકતાં મુકી મ્યુનિસિપલ તથા પોલીસ કમિશ્નરનાં જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય તેઓની વિરૂધ્ધમાં આઈપીસીની કલમ–૩૦૮, ૨૮૯, જી.૯૦(ક) તથા પશુ ક્રુઅલ્ટી એકટની કલમ પ્રમાણેની ફરિયાદ

કરેલી. વધુમાં સદર સાહેદને માર્ક ૧૦/૦૧ ની ફરિયાદ બતાવવામાં આવતાં, જેમાં ફરિયાદ તરીકે તથા ફરિયાદ લેનાર તરીકે સહી તેઓની હોવાનું ઓળખી બતાવી તેને આંક –૨૪ થી રજૂ કરેલ છે. વધુમાં સદર સાહેદને માર્ક ૧૦/૦૩ તથા ૧૦/૦૪ ની મ્યુનિસિપલ તરફથી મળેલ કાચી ચિઠ્ઠી બતાવવામાં આવતાં, જે તેઓને પીએસઓ તરફથી મળેલ હતી જેના આધારે ફરિયાદ કરેલી, જેને અનુક્રમે આંક–૨૫ અને ૨૬ થી રજૂ કરેલ છે. વધુમાં સદર સાહેદ હાજર આરોપીને ઓળખી બતાવે છે.

**(૧૦.૩)** વધુમાં ફરિયાદીની આરોપી પક્ષે જે ઉલટ–તપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં, ફરિયાદીએ તેની ઉલટ–તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ વાળા ઢોર જયાંથી પકડાયા કે બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલા નહિં. ફરિયાદ વાળા ઢોર પકડયા અંગેની કાર્યવાહી તેઓએ નજરે જોયેલી નહિં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરિયાદ વાળા ઢોર જાહેર રસ્તા ઉપર સરેઆમ અવર જવર કરતી પબ્લિકને જાનને નુકશાન કરે તે રી તે રખડા ભટકતા હોય અને ભૂખ્યા તરસ્યા હોય તે તેઓએ નજરે જોયેલું નહિં અને ફરિયાદ વાળા ઢોર આરોપી સુરાભાઈ ભરવાડે આ પ્રકારે જાહેર રસ્તા ઉપર છોડેલા હોય તે પણ તેઓએ નજરે જોયેલું નહિં. આ બનાવવાળી જગ્યા તથા ફરિયાદ વાળા ઢોર ફરિયાદ આપતા કે પછી પણ તેઓએ નજરે જોયેલા નથી. આ અમદાવાદ મ્યુનિસિપલ કો. ની ઢોર અંકુશ પાર્ટીનો બનાવવાળા સમયે સભ્ય ન હતો કે કોઈપણ પ્રકારે આ પાર્ટીની સલામતી માટે બંદોબસ્તમાં પણ ન હતા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ઢોર અંકુશ પાર્ટીના કોઈપણ સભ્યે કે તેઓની સાથેના બંદોબસ્તમાં હાજર વ્યકિતઓએ ફરિયાદ વાળા બનાવ સંબંધે કે ઢોર સંબંધે કોઈ ફરિયાદ આપેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરિયાદમાં અ.મ્યુ.કો. ની કાચી ચિઠ્ઠિ વર્ધી બુક નં.૧૪૪/૧૩ તા.૧૭–૦૫–૨૦૧૯ નું દર્શાવેલ છે. આંક–૨૬ વાળી ચિઠ્ઠિ તેઓની ફરિયાદમાં દર્શાવેલી નથી. આંક–૨૫ અને આંક–૨૬

વાળી ચિઠ્ઠીમાં ઢોર પૂર્યા તા.૧૫–૦૫–૨૦૧૯ એ રીતે દર્શાવેલુંછે. આંક–૨૫ વાળી ચિઠ્ઠિમાં કુલ ૦૭ ઢોર બતાવેલા છે અને આંક–૨૬ વાળી ચિઠ્ઠિમાં કુલ–૫ ઢોર બતાવેલા છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૨૪ વાળી ફરિયાદમાં અ.મ્યુ.કો. ચિઠ્ઠિ વર્ધી બુક નં.૧૪૪/૧૩ તા.૧૭–૦૫–૧૯ માં કુલ ચાર ઢોર બતાવેલા છે. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદમાં દર્શાવેલ ઢોર તથા આંક–૨૫ અને ૨૬ વાળી ચિઠ્ઠિના ઢોર આરોપી સુરાભાઈ ભરવાડના નથી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદમાં દર્શાવેલ ચિઠ્ઠિ કે આંક–૨૫ અને ૨૬ વાળી ચિઠ્ઠિ આરોપીએ તેઓની સમક્ષ રજૂ કરેલ નથી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ ચિઠ્ઠિઓ આરોપીની ખોટી રીતે સંડોવણી કરવા તેમાં ખોટી રીતે ઢોરોની સંખ્યા બતાવીને પાછળથી ઉભી કરવામાં આવેલી છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરિયાદમાં દર્શાવેલ તા.૧૭ –૦૫–૧૯ સિવાયની તા.૧૫–૦૫–૧૯ વાળી બીજી કોઈ ચિઠ્ઠિઓ હોય તે વાત અને હકીકત ખોટી છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ સમયે તે પહેલા કે તે પછી આ ફરિયાદ વાળા ઢોરોની માલિકી આરોપીની હોવા અંગે તેઓએ કોઈ સ્વતંત્ર તપાસ કરેલ નથી એ રીતે આ ઢોર ભૂખ્યા કે તરસ્યા હોવા અંગેની તેઓએ સ્વતંત્ર રીતે કે ડોકટર ધ્વારા તપાસ કરેલ કે કરાવેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરિયાદ વાળા ઢોરે ફરિયાદ અગાઉ જાહેર રસ્તા ઉપર અવર–જવર કરતા લોકોને ઈજા પહોંચાડી હોય તેવું તેઓના ધ્યાન પર આવેલ નથી. એ જ રીતે આરોપીના કોઈ ઢોરે આ પ્રકારે ઈજા પહોંચાડી હોય તેવું પણ તેઓના ધ્યાન પર આવેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તા.૧૫–૦૫–૧૯ સમયે ૧૭–૩૦ વાગ્યાનું બનેલાનું જણાવેલ છે જયારે તેની ફરિયાદ તા.૧૮–૦૫–૧૯ સમયે ૧૨.૩૦ વાગ્યાનું દર્શાવેલ છે. આ વિલંબ સંબંધે તેઓએ તેઓની ફરિયાદમાં કોઈ ખુલાસો કરેલ નથી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આંક–૨૪ વાળી ફરિયાદ તેઓએ ખોટી આપેલી છે. આ આંક–૨૪ વાળી ફરિયાદમાં જણાવેલ હકીકત ખોટી છે. આવો કોઈ બનાવ

કે હકીકત બનેલ નથી. આરોપીને તેઓ ખોટી રીતે ઓળખી બતાવે છે.

(૧૦.૪) આમ, ફરિયાદીની જુબાનીનું તથા તેના ધ્વારા આપવામાં આવેલ ફરિયાદની હકીકતોનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો તે હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરિયાદીએ પોતે તેની જુબાનીમાં જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ વાળા ઢોર જયાંથી પકડાયા કે બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલા નહિં. ફરિયાદ વાળા ઢોર પકડયા અંગેની કાર્યવાહી તેઓએ નજરે જોયેલી નહિં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરિયાદ વાળા ઢોર જાહેર રસ્તા ઉપર સરેઆમ અવર–જવર કરતી પબ્લિકને જાનને નુકશાન કરે તે રીતે રખડતા ભટકતા હોય અને ભૂખ્યા તરસ્યા હોય તે તેઓએ નજરે જોયેલું નહિં અને ફરિયાદ વાળા ઢોર આરોપી સુરાભાઈ ભરવાડે આ પ્રકારે જાહેર રસ્તા ઉપર છોડેલા હોય તે પણ તેઓએ નજરે જોયેલું નહિં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ઢોર અંકુશ પાર્ટીના કોઈપણ સભ્યે કે તેઓની સાથેના બંદોબસ્તમાં હાજર વ્યકિતઓએ ફરિયાદ વાળા બનાવ સંબંધે કે ઢોર સંબંધે કોઈ ફરિયાદ આપેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ સમયે તે પહેલા કે તે પછી આ ફરિયાદ વાળા ઢોરોની માલિકી આરોપીની હોવા અંગે તેઓએ કોઈ સ્વતંત્ર તપાસ કરેલ નથી એ રીતે આ ઢોર ભૂખ્યા કે તરસ્યા હોવા અંગેની તેઓએ સ્વતંત્ર રીતે કે ડોકટર ધ્વારા તપાસ કરેલ કે કરાવેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરિયાદ વાળા ઢોરે ફરિયાદ અગાઉ જાહેર રસ્તા ઉપર અવર–જવર કરતા લોકોને ઈજા પહોંચાડી હોય તેવું તેઓના ધ્યાન પર આવેલ નથી. એ જ રીતે આરોપીના કોઈ ઢોરે આ પ્રકારે ઈજા પહોંચાડી હોય તેવું પણ તેઓના ધ્યાન પર આવેલ નથી. તે તમામ સંજોગોમાં ફરિયાદીની જુબાની પરથી આ કામના આરોપી સદર ગુનામાં સંડોવાયેલ હોય, તે હકીકત નિ:શંકપણે સાબિત થતી નથી.

**(૧૧.૦)** વધુમાં ફરિયાદ પક્ષે આંક–૨૮ થી એ.એસ.આઈ. ભૂપેન્દ્રકુમાર જલુભાઈ રાઠવાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેની સર–તપાસમાં જણાવેલ છે કે, તા. ૧૭.૫.૨૦૧૯ ના રોજ તેઓ તથા એ.એમ.સી.પોલીસ સ્ટાફ અને મ્યુસી.ના ઢોર પાર્ટીના માણસો સાથે ન્યુ રાણીપ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં ત્યારે આશ્રય પ્લેટીનાની સાત્ય એવન્યુની સામે જાહેર રોડ ઉપર બે ભેંસ, એક પાડી એક વાછરડું વિગેરે ફરતા હતા તેથી સ્ટાફ ધ્વારા આ ઢોરોને પકડી ડબ્બામાં પુરી જે સાબરમતી પો.સ્ટે.ની હદમાંથી પકડેલ હોય, પોલીસ સ્ટેશનમાં જાણ કરી ત્યારબાદ આ ઢોરોને દાણીલીમડા ખાતે એ.એમ.સી. ઢોર પુરવાના ડબ્બામાં રાખવામાં આવેલ. આ અંગે વર્ધી પહોંચ પોલીસ સ્ટેશને મોકલી આપેલ અને તેના માલીકને જે તે વખતે કાચી ચિઠઠી આપેલી. જેના આધારે તેઓને પોલીસ સ્ટેશને જવાની સુચના આપેલી અને જરૂરી કાર્યવાહી કરી પ્રમાણપત્ર લઈ આવીને ઢોર છોડવાની સમજ કરેલ. વધુમાં સદર સાહેદને આંક–૨૫ અને આંક–૨૬ થી રજુ થયેલ કાચી ચિઠઠી બતાવવામાં આવતાં, જેમાં ડબ્બા કિપરે સહી કરેલ છે તે જ હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ સદર સાહેદની આરોપી પક્ષે જે ઉલટ–તપાસ કરવામાં આવેલ છે તેમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ બાબતે તેઓએ કોઈ ફરિયાદ આપેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ બનાવ વાળા ઢોર પકડયા અંગેનું પંચનામુ કરેલ નહી. વધુમાં સદર સાહેદને તે વાતની ખબર નથી કે, જાહેર રોડ ઉપર ઢોર રખડતા હતા તેની વિડીયો ગ્રાફી તથા ફોટોગ્રાફી કરેલ કે કેમ. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જો આવી કોઈ વિડીયો ગ્રાફી તથા ફોટોગ્રાફી કરેલ હોય તે પોલીસમાં રજુ કરેલ હોત. વધુમાં સદર સાહેદને એ ખબર નથી કે આવી વિડીયો ગ્રાફી તથા ફોટોગ્રાફી કરેલ નથી તેથી તે તેઓએ પોલીસમાં રજુ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ઢોર પકડવાવાળી પાર્ટીનો સભ્ય હતો તે અંગનો કોઈ પુરાવો તેઓએ પોલીસમાં રજુ કરેલ નથી. એ જ રીતે આ સંબંધી

પેટ્રોલીંગમાં હતા તે અંગનો પુરાવો પણ પોલીસમાં આપેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે તે સમયે આ અંગેના કેસની સુનાવણી ચાલતી હતી અને કોર્પોરેશનને કડક હાથે કામ લેવાનું જણાવેલ હતું. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ બાબતે તેઓએ કામગીરી બતાવવા બાંધેલા ઢોરોને જાહેર રસ્તા ઉપર રખડતા ભટકતા બતાવી પકડેલ છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે તે વખતે તેઓએ પકડેલા બનાવવાળા ઢોરના માલીક અને કબજેદાર કોણ હતા તે તેઓ જાણતા ન હતાં. એ જ રીતે બનાવવાળા પકડેલા ઢોરની સાથે તેના માલીક અને કબજેદાર જાહેર રોડ ઉપર ફરતા હોય તે તેઓએ જોયેલ નહી. વધુમાં એ હકીકીતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા પકડેલા ઢોરના માલીક અને કબજેદારની તેઓએ કોઈ તપાસ કરેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા પકડેલા ઢોર ભુખ્યા છે કે તરસ્યા છે તે અંગે પણ તેઓએ કોઈ તપાસ કરેલ નહી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા પકડેલા ઢોર જાહેર રોડ ઉપર આવતા જતાને તેઓની હાજરીમાં કોઈ ઈજા કરેલ હોય કે કોઈને જાનનું જોખમ ઉભુ કરેલ હોય તેવું બનેલ કે જોયેલ નથી. વધુમાં સદર સાહેદને એ વાતની ખબર નથી કે, આ બનાવવાળા પકડેલા ઢોરોએ અગાઉ કોઈને ઈજા કરેલ હોય કે કોઈને જાનનું જોખમ ઉભુ કરેલ હોય તેવી ફરિયાદ આપેલ હોય તે તેઓને ધ્યાનમાં હોય. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની સરતપાસમાં જણાવેલ ઢોર પકડયા સંબંધે પાવતી તેઓએ બનાવેલ કે ઈસ્યુ કરેલ નથી અને તેમાં તેઓની કે તેઓની ઢોર પકડવાવાળી પાર્ટીના કોઈ સભ્યની સહી નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૨૫ અને આંક–૨૬ માં જણાવેલ ઢોરની સંખ્યા અને પકડેલા ઢોરની સંખ્યા અલગ અલગ છે. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએથી પકડવામાં આવેલ ઢોર અંગે આવી કોઈ પાવતીઓ ફાડવામાં આવેલ નથી એ જ રીતે પાવતીમાં જણાવેલ ઢોરો બનાવવાળી જગ્યાએથી પકડવામાં આવેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કાચી ચિઠઠી નંબર

૧૪૪/૧૩ તા.૧૫.૫.૨૦૧૯ સિવાયની બનાવવાળા ઢોર પકડયા બાબતની કોઈ આવી જો ચિઠઠી હોય તો તે ખોટી છે.

**(૧૨.૦)** વધુમાં ફરિયાદ પક્ષે આંક–૩૨ થી ત.ક. તથા ચાર્જશીટ કરનાર અધિકારી પોલીસ સબ ઈન્સ. કિન્નાબેન રત્નાભાઈ સુતરીયાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેની સર–તપાસમાં જણાવેલ છે કે, તા.૧૮.૫.૨૦૧૯ ના રોજ તેઓ સાબરમતી પો.સ્ટે.ના કાળીગામ ચોકી ઉપર ફરજ ઉપર હતાં. તે દરમ્યાન હે.કો.અરવિંદભાઈ માનાભાઈનાઓએ પોતાના રૂબરૂની આરોપી સુરાભાઈ ગગાભાઈ ભરવાડનાઓ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૩૦૮, ૨૮૯ તથા જી.પી. એકટ કલમ ૯૦(ક) તથા ક્રુએલ્ટી ટુ એનીમલ એકટની કલમ ૧૧(૧)(એચ)(આઈ) મુજબની ફરિયાદ લીધેલ. તે ફરિયાદ પી.એસ.ઓ.શ્રીએ રજીસ્ટર કરીને આગળની તપાસ સારૂ કાગળો તેઓની તરફ કરતાં, તેઓએ આ ગુનાની તપાસ સંભાળેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ આરોપીની અટક કરી ચહેરા નિશાન તથા ફીંગર પ્રિન્ટ લેવાની કાર્યવાહી કરેલ. બાદમાં આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતાં, આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. વધુમાં સદર સાહેદ આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે. વધુમાં સદર સાહેદને માર્ક ૧૦/૨ થી રજુ સુચિપત્ર બતાવવામાં આવતાં, તે હે.કો. એ.એમ. રાજપાલનાઓએ તૈયાર કરેલ હોવાનું અને તેના અંતે તેઓની સહી હોવાનું તેઓ ઓળખી બતાવી જેને આંક–૩૩ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદને માર્ક ૧૦/૫ વાળું આરોપી તરફેણમાં ઈસ્યુ કરેલ પ્રમાણપત્ર બતાવવામાં આવતાં, જેમાં તેઓની સહી હોવાનું તેઓ ઓળખી બતાવી જેને આંક–૩૪ થી રજુ કરેલ છે.

ત્યારબાદ સદર સાહેદની આરોપી પક્ષે જે ઉલટ–તપાસ કરવામાં આવેલ છે તેમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ બાબતે અમદાવાદ મ્યુ.કો.ના ઢોર

પાર્ટીના માણસો પૈકી કોઈએ ફરિયાદ આપેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ બનાવ વાળા ઢોર પકડયા અંગેનું પંચનામુ કરેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જાહેર રોડ ઉપર ઢોર રખડતા હતા તેની વિડીયો ગ્રાફી તથા ફોટોગ્રાફી કરેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સાહેદો ઢોર પકડવાવાળી પાર્ટીના સભ્ય હતા તે અંગનો કોઈ પુરાવો ચાર્જશીટ સાથે તપાસમાં રજુ રાખેલ નહી. એ જ રીતે સાહેદો પેટ્રલીંગમાં હતા તે અંગનો પુરાવો પણ ચાર્જશીટ સાથે તપાસમાં રજુ રાખેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે તે સમયે ઢોરના ત્રાસ સંબંધેના કેસની સુનાવણી નામદાર હાઈકોર્ટમાં ચાલતી હતી અને કોર્પોરેશનને કડક હાથે કામ લેવાનું જણાવેલ હતું. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અ.મ્યુ.કો.એ પકડેલા બનાવવાળા ઢોરના માલીક અને કબજેદાર કોણ હતા તે હકીકત જે તે વખતે પ્રકાશમાં આવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બનાવવાળા ઢોરના માલીક અને કબજેદાર કોણ હતા તે હકીકત તેઓની તપાસમાં ખુલેલી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવવાળા ઢોરના માલીક અને કબજેદાર કોણ હતા તે હકીકત તેઓની તપાસમાં ખુલેલી તે તેઓ ખોટું જણાવે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા પકડેલા ઢોરની સાથે તેના માલીક અને કબજેદાર જાહેર રોડ ઉપર ફરતા હોય તે હકીકત તેઓની તપાસમાં ખુલેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા પકડેલા ઢોર ભુખ્યા છે કે તરસ્યા છે તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નહી કે પશુ ડોકટર મારફતે તપાસ કરાવેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા પકડેલા ઢોર જાહેર રોડ ઉપર આવતા જતાને કોઈ ઈજા કરેલ હોય કે કોઈને જાનનું જોખમ ઉભુ કરેલ હોય તેવું તપાસમાં ખુલેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવવાળા પકડેલા ઢોરોએ અગાઉ કોઈને ઈજા કરેલ હોય કે કોઈને જાનનું જોખમ ઉભુ કરેલ હોય તેવી હકીકત તેઓની તપાસ દરમ્યાન ખુલેલ નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદવાળો બનાવ

તા.૧૫.૫.૨૦૧૯ ના રોજનો હતો અને તે અંગેની ફરીયાદ તા.૧૮.૫.૨૦૧૯ ના રોજ આપેલ છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ મોડી આપવા બાબતે તેઓએ તે અંગેનો કોઈ ખુલાસો તેઓની તપાસમાં કરેલ નથી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ચાર્જશીટમાં જણાવ્યા મુજબ કે તપાસમાં ખુલેલા પાવતી મુજબના ઢોરની માલીક કે કબજેદાર આરોપી ન હતાં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાના આજુબાજુ વાળા કોઈ સ્વતંત્ર સાહેદો આ કામે તેઓએ તપાસેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ બનાવવાળા ઢોર જાહેર રસ્તા ઉપર જાતે ખુલ્લા મુકેલ હોય તેવી હકીકત તેઓની તપાસમાં ખુલેલ નથી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ના હોવા છતાં આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૧૨.૧)** આમ, ચાર્જશીટ કરનાર અધિકારી ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાનીનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો, તપાસ કરનાર અધિકારીએ બનાવવાળી જગ્યાના આજુબાજુ વાળા કોઈ સ્વતંત્ર સાહેદો આ કામે તપાસેલ નથી તેમજ આરોપીએ બનાવવાળા ઢોર જાહેર રસ્તા ઉપર જાતે ખુલ્લા મુકેલ હોય તેવી હકીકત તેઓની તપાસમાં ખુલેલ નથી તેમજ બનાવવાળા પકડેલા ઢોરની સાથે તેના માલીક અને કબજેદાર જાહેર રોડ ઉપર ફરતા હોય તે હકીકત તેઓની તપાસમાં ખુલેલ નહી તેમજ બનાવવાળા પકડેલા ઢોર ભુખ્યા છે કે તરસ્યા છે તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નહી કે પશુ ડોકટર મારફતે તપાસ કરાવેલ નહી તથા બનાવવાળા પકડેલા ઢોર જાહેર રોડ ઉપર આવતા જતાને કોઈ ઈજા કરેલ હોય કે કોઈને જાનનું જોખમ ઉભુ કરેલ હોય તેવું તપાસમાં ખુલેલ નથી તેમજ આ બનાવવાળા પકડેલા ઢોરોએ અગાઉ કોઈને ઈજા કરેલ હોય કે કોઈને જાનનું જોખમ ઉભુ કરેલ હોય તેવી હકીકત તેઓની તપાસ દરમ્યાન ખુલેલ નહી. તે તમામ સંજોગોમાં સ્વતંત્ર સાહેદોની જુબાનીના અભાવે માત્ર પોલીસ અધિકારીની

જુબાની આધારે, આ કામના આરોપી સદર ગુનામાં સંકળાયેલા હોય તે હકીકત નિશંકપણે સાબીત માની શકાય તેમ નથી.

**(૧૩.૦)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષે આ કામના આરોપી સદર ગુનામાં સંડોવાયેલા હોય તે અંગે કોઈ સ્વતંત્ર પુરાવો પણ ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ ન હોય, તે સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ અધિકારીઓની જુબાની તદૃન શંકાસ્પદ બની જાય છે અને પોલીસ અધિકારીઓની તેવી શંકાસ્પદ જુબાનીના આધારે હાલના ગુનામાં આ કામના આરોપી સંડોવાયેલ હોય તે હકીકત નિ:શંકપણે સાબિત માની શકાય તેમ નથી.

**(૧૪.૦)** આમ, ફરીયાદ પક્ષ આ કામના આરોપી સામે સીધા કે સાંયોગિક પુરાવાથી આક્ષેપિત ગુનાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદા નંબર –૧ નો જવાબ 'નકાર' માં આપી મુદા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. આ કામના આરોપી **સુરાભાઈ ગગાભાઈ ભરવાડ,** ઉં.વ.પર, રહે. મ.નં.૪૪, અંબિકાનગર, સત્યમ રેસીડન્સીની બાજુમાં, ન્યુ રાણિપ, સાબરમતી, અમદાવાદ શહેર નાઓને તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮, ૨૮૯ તથા જી.પી.એકટ કલમ–૯૦(ક) તથા પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એચ)(આઈ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીનખત તથા જાત મુચરકાખત રદ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ આ હુકમ સામે ઉચ્ચ અદાલતમા અપીલ કે પીટીશન થયે જે તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂા.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૦ મી માહે જૂન સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૦-૦૬-૨૦૨૫.

(રાહુલ પી. એસ. રાઘવ)
ચોથા એડીશનલ સેશન્સ જજ
અમદાવાદ(ગ્રામ્ય), અમદાવાદ.
જી.જે. ૦૧૫૦૮.

AK